


"આજે આતુરતાનો અંત આવશે, કેમ..?!"

"શાની આતુરતાની વાત કરો છો..?!"

"કેમ ખબર નથી..?! આજે ઉમેદવારોની યાદી જાહેર થશે. કેટલાને અપાશે ને કેટલાને કપાશે..! એ જોવાની મજા પડશે..!!"

"એમાં મજા શું પડે..?!"

"મજા જ પડે ને..?! પાંચ પાંચ વરસથી ફુલીને ફાળકો થઈને ફરતા'તા..! આ વખતે તો બતાવી દેવું છે..! આ વખતે તો ટીકીટ લેવી જ છે..! એમનું સુરસુરીયુ જ થઈ જશેને..?!"

"અરે ભાઈ..! ટિકીટ તો નસીબમાં હોય તેને મળે..! એમાં આવું કોઈના દુઃખમાં આનંદ ના થવો જોઈએ..! અત્યારે તો ટીકીટના ધોરણો અલગ-અલગ હોય છે..!"

"જુઓ સાહેબ કંઈ આનંદ નથી થતો પણ ફાંકા મારતા નેતાઓને તો બતાવી દેવું પડે ને..?! તમે ક્યાં છો..! તમારૂ પક્ષમાં શું સ્થાન છે..?! એ બધુ ટીકીટથી જ ખબર પડે..!"

"ના ભાઈ ના..! ખોટી વાત છે. આજકાલ તો ટીકીટ એને જ મળે કે જે જ્ઞાતિનું જોર એ વિસ્તારમાં હોય..! જેને ખોટુ બોલતાં જોરદાર આવડતું હોય..! નાટક-ચેટકમાં હોંશિયાર જોઈએ..! તોડ-પાણીમાં એક્કો જોઈએ..!! અને પૈસા બનાવવામાં ફાવટ હોવી જોઈએ..!!"

"ઓ હો... તમે તો ખાસ્સુ બધું વર્ણન કરી દીધુ..!! આપણે તો આ બધાની સામે લડત કરવાની છે..! જ્ઞાતિવાદ સામે લડવું છે..! મની પાવર અને મસલ્સ પાવર સામે લડવું છે એટલે તો સારા ઉમેદવારને ટીકીટ મળે તેવુ મથીએ છીએ..!!"

"ના... ભાઈ...ના..! આમાં તમારૂ કાંઈ વળશે નહિ..! દિવસે દિવસે જાતિભેદ વકરતો જાય છે... મની-મસલ્સની બોલબાલા વધતી જાય છે. તમારા જેવા સેવાભાવીઓએ તો એનજીઓમાં જોડાઈ જવું જોઈએ..! ખોટા રાજકારણમાં છો..!!"

"હા... અમને ખબર છે, ખુબ અઘરૂ કામ છે પણ અશક્ય નથી..!! 'કરતાં જાળ કરોળિયો, ભોંય પડી ગભરાય..!' પણ હવે આ જ ન્યાયે મથવાના..! પરિણામ જે આવે... જ્યારે આવે અને જેવું આવે..!"

"તમારો આત્મવિશ્વાસ દેખાય છે..! પણ વાસ્તવિકતા વિચિત્ર છે..! તમને ખરીદવાનો પ્રયત્ન થશે... તમને લલચાવવાનો પ્રયત્ન થશે... તમને ફસાવવાનો પ્રયત્ન થશે... અને તમારે ઝુકી જવું પડશે..!!"

"એવું તો વિચારતાં જ નહિ..! અમે ગંદી રાજનીતિના ભાગ નથી બનવાના એટલે નથી જ બનવાના..!! અમને ખબર છે... કે દરેકના બોલ બોલાશે... પણ અમે એ જાળમાં નહી ફસાઈએ..! લડવા નીકળ્યા છીએ... મુલ્યનિષ્ઠ રાજનીતિ માટે... લડવા નીકળ્યા છીએ અસરકારક પ્રતિનિધિત્વ માટે... અને લડવા નીકળ્યા છીએ નાટકીય નેતાગીરી સામે..!!"

"ઓ બાપરે..! ખુબ અઘરૂ પકડાઈ ગયું છે તમને..!! તમે જેવું વિચારો છો - તમે જેવું બોલો છો એવું કરી શકો તો એનાથી રૂડુ કશુ હોઈ જ ના શકે..!!"

"...પણ..!"

● અનુસંધાન પાન-૫ પર



પ્રચાર રથનો પ્રારંભ - ભાજપના પ્રચાર રથને આજે લીલીઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું... ચૂંટણી પ્રચાર હવે ધીમે ધીમે જોર પકડતો જાય છે... ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા તૈયાર કરાયેલ ચૂંટણી પ્રચાર રથ આજથી ગામે ગામ ફરશે.... આ રથમાં વિકાસને આલેખતા લોકસાહિત્યની શૈલીમાં ગીતો ગવાશે... શેરી નાટક અને ગીત-સંગીતના સહારે કેન્દ્ર અને રાજ્ય સરકારની સિદ્ધિઓ આલેખાશે...

# રાજ્યમાં ૯૧૧ વ્યક્તિઓ સામે 'પાસા' જેવા કડક પગલાં લેવાશે

## ૨૭ કરોડની કિંમતનો દેશી, વિદેશી દારૂ પકડાયો

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને નિષ્પક્ષ વાતાવરણમાં મતદાન થાય તે માટે ૯૧૧ વ્યક્તિઓ સામે પાસાનું શસ્ત્ર ઉગામવાની કાર્યવાહી ચાલી રહી છે.

આજે પોલીસના સ્ટેટ નોડલ ઓફિસર એન.કુમારે પત્રકારોને જણાવ્યું હતું કે પોલીસ દ્વારા પરિસ્થિતિ પર પુરી સતર્કતા સાથે નજર રાખવામાં આવી રહી છે. પડોશી રાજ્યોની સરહદો સાથે જોડાયેલા જિલ્લાની હદો પર પોલીસ દ્વારા ૮૫ જેટલી ચેક પોસ્ટ ખાસ ઉભી કરવામાં આવી છે.

તેમણે વિગતો આપતાં જણાવ્યું હતું કે કલમ ૧૦૭ હેઠળ ૨૬,૦૦૦, કલમ ૧૦૯ મુજબ ૬,૫૫૫ અને સેક્શન-૧૦ હેઠળ ૫૭,૪૭૯ લોકો સામે પગલાં લેવામાં આવ્યા છે.

પાસા માટે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ૯૧૧ જેટલી દરખાસ્તો મળી છે. અને તે અંગે ટુંકમાં જ નિર્ણય લેવા બાદ આવા ઈસમોની અટકાયત કરી જેલ હવાલે કરવામાં આવશે.

ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે ચૂંટણી તંત્ર તથા જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા આગોતરા પગલાં લેવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં કુલ ૫૬,૪૩૯ પરવાનેદાર હથિયાર ધારકો છે. જે પૈકી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે રચાયેલી સ્થાનિક રિવ્યુ કમિટિ દ્વારા સમીક્ષા બાદ કુલ-૪૮,૮૫૭ પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાં આવ્યા છે, જ્યારે ૩૩૩ પરવાના રદ કરવામાં આવ્યા છે. રાજ્યમાં ચૂંટણી સંબંધી તકેદારીના પગલાંના ભાગરૂપે પોલીસ તંત્ર દ્વારા કુલ-૨૮,૪૨૫ બિનજામીનપાત્ર વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા છે. તે ઉપરાંત, રાજ્યમાં અસુરક્ષા ઊભી કરે તેવા ૭૧૪ વ્યક્તિઓ સામે અટકાયતી પગલા લેવામાં આવ્યા છે. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામાં આવી ત્યારથી અત્યાર સુધીમા તંત્ર દ્વારા પાડવામાં આવેલા દરોડામાં રૂ.૧૦.૬૭ કરોડની કિંમતનો વિદેશી દારૂ તેમજ રૂ. ૧૬.૪૦ લાખની કિંમતનો દેશી દારૂ તેમજ રૂ. ૧૪.૨૭ કરોડની અન્ય ચીજવસ્તુઓ મળીને કુલ રૂ.૨૫.૧૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ અંગે કાર્યવાહી કરીને ૧૨,૭૬૧ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

# સે. ૧૪ની ૪૩ વર્ષીય મહિલા સ્વાઈન ફ્લુમાં સપડાઈ

## દોઢ મહિના બાદ સ્વાઈન ફ્લુનો કેસ દેખાતાં તંત્રમાં સોપો પડી ગયો : દર્દી ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં દોઢ મહિનાના વિરામ બાદ સ્વાઈન ફ્લુનો એક કેસ મળી આવતા તંત્ર ચિંતામાં ગરકાવ થઈ જવા પામ્યુ છે.

છેલ્લા સપ્તાહથી ગાંધીનગરમાં ઠંડીનો માહોલ ધીમી ગતિએ જામી રહ્યો છે ત્યાં આજે સ્વાઈન ફ્લુનો કેસ મળી આવતાં જ શહેરના આરોગ્યતંત્રમાં સોપો પડી જવા પામ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સેક્ટર-૧૪માંથી એક મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનું જણાતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેણીનીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા મળી આવેલા આ કેસને પગલે પરિવારના સભ્યો સહિત તેના ઘરની આસપાસના વિસ્તારને સર્વેલન્સમાં આવરી લઈ સઘન તપાસ કરતાં કોઈ જ શંકાસ્પદ દર્દી કે શરદી-ખાંસીની ફરિયાદ મળી નથી.

શહેરમાં ઠંડીની સાથે શરદી, સળેખમ, ખાંસી તેમજ વાઈરલ બિમારીના દર્દીઓની સંખ્યા વધી રહી છે અને આ અંગેના અખબારી અહેવાલો પણ પ્રસિદ્ધ થયા છે જે ઉલ્લેખનીય છે.

છેલ્લા ત્રણ દિવસથી શહેર રાજ્યના સૌથી ઠંડા શહેર તરીકે ઉભરી રહ્યુ છે. હવામાનમાં એકાએક આવેલા બદલાવની સાથે જ સ્વાઈન ફ્લુનો દર્દી મળી આવેલ છે. તંત્રએ આ બાબતને અતિ ગંભીરતાથી લીધી છે. જો કે શિયાળામાં સામાન્યતઃ સ્વાઈન ફ્લુના કેસો દેખાતા હોય છે. શહેર અને જિલ્લામાં જુલાઈ-ઓગષ્ટ અને સપ્ટેમ્બર માસ દરમ્યાન ૫૩ કેસ નોંધાયા હતા તે ઉલ્લેખનીય છે.

મળતી વિગતો પ્રમાણે આ મહિલા દર્દી એકાદ સપ્તાહ પૂર્વે અમદાવાદ ગયેલ અને ત્યાં રોકાણ પણ કરેલ છે.

શહેરમાં આ વખતે દર્દીઓની સંખ્યા આ સાથે વધીને ૫૪ થવા પામી છે.

# રાજ્યમાં પાંચ લાખ મતદારો પોસ્ટલ બેલેટથી મતદાન કરશે

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીમાં પાંચ લાખ મતદારો પોસ્ટલ બેલેટ દ્વારા પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી. સ્વૈને આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ચૂંટણી માટે ફરજ બજાવતા તમામ સંવર્ગના કર્મચારીઓ માટે આ વ્યવસ્થા છે. ૨૦૧૨ની ચૂંટણીમાં પોસ્ટલ બેલેટથી મતદાન કરનાર મતદારોની ટકાવારી ૮૨ ટકા જેટલી નોંધાઈ હતી. આ વખતે પંચે આ લક્ષ્યાંક ૧૦૦ ટકાનું રાખેલ છે.

સર્વિસ વોટર્સ ઉપરાંત ચૂંટણી વિયષક કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટની ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

જે મતદાર વિભાગમાં મતદાર તરીકે નોંધાયેલ હોય તે મતદાર વિભાગમાં જ ચૂંટણી ફરજ પર નિયુક્ત કરવામાં આવે તે સંજોગોમાં તેઓ ચૂંટણી ફરજ પ્રમાણપત્ર (ઈડીસી) દ્વારા મતદાન કરી શકશે. જ્યારે મતદાર તરીકે નોંધાયેલ હોય તે સિવાયની અન્ય કોઈ મતદાર વિભાગમાં ચૂંટણી ફરજ પર નિયુક્ત કરવામાં આવે તેના માટે ટપાલ મતપત્ર (પોસ્ટલ બેલેટ) દ્વારા મતદાનની વ્યવસ્થા કરવામાં આવી છે. સંબંધિત જિલ્લાઓમાં આ કામગીરીના સંકલન માટે એક નોડલ ઓફિસર તેમજ પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ-હોમગાર્ડસ વગેરે માટે જિલ્લામાં પોલીસ વિભાગ દ્વારા એક નોડલ ઓફિસરની નિમણૂંક કરવામાં આવી છે. ઉપરાંત, સંપાદિત કરવામાં આવેલા વાહનોના ડ્રાઈવર-કંડકટર-ક્લીનર વગેરે માટે જિલ્લામાં એક અલાયદા નોડલ ઓફિસરની નિમણૂંક પણ કરવામાં આવી છે. ચૂંટણી ફરજ પ્રમાણપત્ર(ઈડીસી) તથા ટપાલ મતપત્ર (પોસ્ટલ બેલેટ) મતદાન માટેની અરજીઓના ફોર્મ ઈસ્યુ કરવા, ભરેલ ફોર્મ પરત મેળવવા તથા ચૂંટણી સ્ટાફની તાલીમના કેન્દ્રો ખાતે ટપાલ મતદાન પ્રક્રિયા માટે મતદાન કેન્દ્રની સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.




શિયાળાનું આગમન - શહેરમાં બિલ્લી પગે શિયાળાનું આગમન થઈ ચૂક્યું છે... બે દિવસના ઠંડીના ચમકારાથી શિયાળાના આગમનની અનુભૂતિ શહેરીજનોને થઈ હતી... શિયાળાના આગમન સાથે મોર્નિંગ વૉકર્સની સંખ્યામાં પણ એકાએક વધારો વર્તાતો હતો... ગાંધીનગર શહેરનું સદનસીબ છે કે પ્રકૃતિના સાનિધ્યમાં મોર્નિંગ વૉક ખૂબ જ ફળદાયી નિવડે છે...

# સ્ટોર્મ વોટર લાઈનના અભાવે માર્ગ સુધારણા પાછળના તોતિંગ ખર્ચ પર પાણીઢોળ થશે

## સેકટરોમાં આંતરિક માર્ગો નિચાણમાં ગરકાવ થઇ ગયા છે ત્યારે વરસાદી પાણીના નિકાલની લાઇનના અભાવે માર્ગોના અસ્તિત્વ સામે ખતરો

ગાંધીનગર તા ૧૫

શહેરમાં સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ચાલી રહયુ છે. સેકટરોના આંતરિક માર્ગોના નવિનીકરણ પાછળ રૂ ૪૩ કરોડનો તોતિંગ ખર્ચ કરવામાં આવશે. જયારે સમગ્ર શહેરના સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી આગામી માર્ચ મહીના સુધીમાં પુર્ણ કરી દેવાશે. પરંતુ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી પાછળ થતા ખર્ચપર પાણીઢોળ થવાની સંભાવના છે. સેકટરોમાં તંત્ર દ્વારા રોડ ચેમ્બરમાં જ નિયમ મુજબ માર્ગોની સુધારણા કરવામાં આવી રહી છે. ત્યારે પેવર બ્લોક તેમજ રહેણાંક મકાનો માર્ગથી ઉંચાઈ પર સ્થિત હોવાના લીધે રસ્તાઓ ખાડામાં ગરકાવ થઈ ગયા હોય તેવી સ્થિતિ છે. બીજીતરફ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલ માટેની સ્ટોર્મ વોટર લાઈન પણ નથી જેના માર્ગોના અસ્તિત્વ સામે પણ ખતરો મંડરાયો છે.

ગાંધીનગરના સેકટરોમાં હાલ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. શહેરમાં માર્ગોની

● અનુસંધાન પાન-૫ પર

### સેકટરોના આંતરિક માર્ગો પર બમ્પ બનાવાની માંગથી તંત્રને શિરદર્દ

શહેરમાં હાલ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે. વર્ષોના અંતે ઉબડ ખાબડ બનેલા માર્ગોને ચકાચક બનાવવા તંત્ર કામે લાગ્યુ છે. સેકટરોમાં માર્ગોને ચકાચક બનાવાની કામગીરી દરમિયાન નિચાણમાં ગરકાવ થયેલા રસ્તાઓનુ લેવલીંગ કરી સમથળ કરવામાં આવી રહયા હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે જેથી રોડ ચેમ્બરમાં સ્થિત માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો અટકાવી શકાય જો કે સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન કેટલાક ઠેકાણે રહીશો દ્વારા આંતરિક માર્ગો પર ઘર આંગણે બમ્પ બનાવાનો પણ આગ્રહ રાખવામાં આવે છે. સેકટરોમાં આંતરિક માર્ગો પર ગમે ત્યાં બમ્પ બનાવવાની રહીશોની તંત્ર માટે શિરદર્દ સમાન બની હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

# છોટા ઉદેપુરના એસપી હવે ભાજપના ઉમેદવાર બનશે

ગાંધીનગર, તા. ૧૫

છોટા ઉદેપુરના જિલ્લા પોલીસ વડા પી.સી. બરંડાએ પોતાના પદ પરથી રાજીનામુ આપી દીધુ છે. તેમનું રાજીનામુ રાતોરાત સ્વીકારી લેવાયુ છે. તેઓ ભિલોડાની આદીવાસી રીઝર્વ સીટ પરથી ભાજપ તરફથી ચૂંટણી લડશે. બરંડા ૨૦૧૨ની બેચના આઈપીએસ અધિકારી છે. આ ઉપરાંત હજુ બે આઈએએસ અને એક જીએએસ કેડરના અધિકારી ચૂંટણી લડવા ઉત્સુક છે.

# એસ ટી ડેપોમાં મુસાફરોને સુવિધા પુરી પાડતી કોર્મશિયલ પ્રવૃતિના નામે મીંડુ

## પાટનગરના ડેપોમાં જગ્યા ઉપલબ્ધ હોવાછતા મુસાફરો માટે ઉપયોગી યોજનાનો અમલ થતો નથી : એસ ટી ડેપોને પણ નવી આવક થતી નથી

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં એસ ટી ની સલામત સવારી સામે અનેકવાર પ્રશ્નો મંડરાય છે. પરંતુ અનિયમિત અને અપુરતી બસ સેવાના આક્રોશ વચ્ચે ડેપોમાં મુસાફરોને જરૂરી સુવિધા પણ મળતી ન હોવાનો રોષ પ્રબળ બન્યો છે. ડેપોને મોડેલ બનાવાની વાત તો કોરાણે જ મુકાઇ ગઇ છે. ત્યારે એસ ટી ડેપોમાં કોર્મશિયલ પ્રવૃતિના નામે પણ મીંડુ છે. ડેપો સંકુલમાં માત્ર સાત આઠ દુકાનો થકી કામ ચલાવાય છે. જયારે મુસાફરોનુે પાટનગરને છાજે તેવી આધુનિક ટચ આપતી દુકાનો વાઈ ફાઇ તેમજ હાઇફાઇ સુવિધાઓ મળતી નથી. આ સ્થિતિ વચ્ચે દુવિધા અનુભવતા મુસાફરો વચ્ચે ડેપોને નવી આવક પણ મળતી નથી.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સુવિધા અને સલામતીના નામે મીંડુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. રાજયના પાટનગરમાં હાર્દ સમા વિસ્તારમાં જ તસ્કરી વૃતિ ફુલીફાલી છે. બિન્દાસ્ત રીતે જાણભેદુઓ મુસાફરોના ખિસ્સા કાતરે છે. એસ ટી ની અનિયમિત સવારીથી દુવિધા અનુભવતા મુસાફરોને ડેપોમાં પણ કોઈ સુવિધા મળતી નથી. એસ ટી ડેપોમાં કોર્મશિયલ પ્રવૃતિના નામે મીંડુ ચિતરાયેલુ છે. અલબત્ત ડેપો સંકુલમાં દાયકાઓથી સાત આઠ દુકાનો પર ગણીગાંઠી વસ્તુઓ જ મળે છે. રાજયના અન્ય શહેરોમાં મોડેલ ડેપોની યોજના અમલી બનતા ડેપો સંકુલમાં જ વાયફાય થી લઈ આધુનિક મોલ પણ ઉભા કરી દેવાયા છે. ત્યારે ગાંધીનગર ડેપો કંગાળ સ્થિતિમાં છે. મુસાફરોની સલામતી

● અનુસંધાન પાન-૫ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com